પ્રશ્ન-૧ સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોને કયા પ્રકારની રજાઓ મળવાપાત્ર હોય છે અને તેને મંજુર કરવાની સત્તા કોની હોય છે ?

જવાબ:-

રજાના પ્રકારો અને તેની મંજુર કરવાની સત્તાની વિગત આ મુજબ છે.

| **રજાના પ્રકાર** | **મર્યાદા** | **મંજુર કરવાની સત્તા** |
|---|---|---|
| આકસ્મિક રજા (સી.એલ.) | ૧૨ | શાળાના આચાર્ય |
| પ્રાપ્ત રજા (હક્ક રજા) | વેકેશન ખાતામાં વેકેશન દરમ્યાન સરકારી જેવી કે ચૂંટણી, મતદાર યાદી, વસ્તી ગણતરી, આર્થિક મોજણી, તાલીમ, અન્ય કામગીરી કરનાર કર્મચારીઓને | પ્રાપ્ત રજા (હક્ક રજા) અને અર્ધપગારી રજા એમ બંને પ્રકારની રજાઓ ભેગી થઇ વધુમાં વધુ ૨૪૦ દિવસની રજાઓ મંજુર કરવાની સત્તા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની છે. અને ૨૪૦ દિવસ કરતા વધુ રજાઓ માટે નાણાં વિભાગની મંજુરી મેળવવાની રહે છે. |
| અર્ધપગારી રજા | સમગ્ર વર્ષ દરમ્યાન ૨૦ અર્ધપગારી રજા મળવાપાત્ર છે. | |
| પ્રસુતિ રજા | મહિલા કર્મચારીને પ્રસુતિની ૧૮૦ દિનની રજા મળવાપાત્ર છે. | પ્રસુતિની ૧૮૦ દિનની જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મંજુર કરી શકે. |
| પિતૃત્વ રજા | પુરૂષ કર્મચારીને પિતૃત્વની ૧૫ દિનની રજા મળવાપાત્ર છે | પિતૃત્વની ૧૫ દિનની જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મંજુર કરી શકે. |

| | | |
|---|---|---|
| બિનપગારી રજા | ૩૬ માસની મર્યાદા | જ્યારે કોઇપણ પ્રકારની રજા જમા ન હોય ત્યારે ૫૪૦ રજાઓ સુધી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને ૫૪૦ રજાઓ કરતા વધુ નાણાં વિભાગની મંજુરી મેળવવાની રહે છે. |
| પ્રાપ્ત રજા/અર્ધપગારી/અસાધારણ રજાઓ | આ ત્રણેય રજાઓ ભેગી થઇને કુલ ૪૦૦ રજાઓ કરતા વધે તો નાણા વિભાગની મંજુરી મેળવવાની રહે છે. | |

પ્રશ્ન-૧ વિદ્યા સમીક્ષા કેંદ્રમાં કયા-કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ?

જવાબ:-

વિદ્યા સમીક્ષા કેંદ્ર ખાતે કરવામાં આવતી કામગીરીની વિગત આ મુજબ છે.

- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા માટે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવા માટે નિયમિત હાજરી એ એક સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે.
- ગુજરાતનાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા લેવા માટે રાજ્યની તમામ શાળાઓમાં દૈનિક ઓનલાઈન હાજરી લેવા માટેની સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી.
- હાલમાં રાજ્યના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની દૈનિક ઓનલાઈન હાજરી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા મેળવવામાં આવે છે.
- આ હાજરીનો રિપોર્ટ સમગ્ર રાજ્યના અધિકારીશ્રીઓને દરરોજ આપવામાં આવે છે જેના આધારે આનુસંગીક પગલાઓ ભરવામાં આવે છે.
- શિક્ષણ વિભાગ દ્વારા વખતો વખત ગેરહાજર શિક્ષકો સામે નિયમાનુસાર જરૂરી પગલાઓ ભરવામાં આવેલ છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે પ્રાપ્ત શિક્ષકોની હાજરીના રિપોર્ટને આધારે **નિયમાનુસાર કાર્યવાહી કરી** સતત ગેરહાજર શિક્ષકોને કારણદર્શક નોટિસ આપવાથી લઈ **૧૩૪ શિક્ષકો સામે ફરજમાંથી બરતરફી** સુધીના વિવિધ પગલાઓ ભરવામાં આવ્યા છે.
- **દૈનિક ઓનલાઈન હાજરી લેવાનું શરૂ કર્યા બાદ 80% કરતાં વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં 28% (એટલેકે આશરે 14 લાખ વિદ્યાર્થીઓ)નો વધારો થયો છે અને શિક્ષકોની હાજરીમાં 10%નો વધારો થયો છે.**
- **વિદ્યા સમીક્ષા કેન્દ્રની કામગીરી માત્ર ઓનલાઈન હાજરી લેવા પૂરતી મર્યાદિત નથી.** ઓનલાઇન હાજરી એ વિદ્યા સમીક્ષા કેન્દ્રની કામગીરીનો એક ભાગ છે. પરંતુ **મુખ્ય કામગીરી વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમમા સુધારો** થાય તે જોવાની છે.

- VSK ખાતે વિવિધ યોજનાઓના દર વર્ષે આશરે 500 કરોડ જેટલા ડેટા મેળવવામાં આવે છે. જેનું આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સની મદદથી એનાલિસિસ કરી વિદ્યાર્થીઓનાં લર્નિંગ આઉટકમમા સુધારો કરવા માટે સુધારો કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે.
- આ ડેટા એનાલિસિસના આધારે દરેક બાળકને દરેક પરીક્ષા માટે લર્નિંગ આઉટકમ વાઇઝ સિધ્ધિઓ અને ઉપચારાત્મક કાર્યની જરૂરિયાત દર્શાવતું રિપોર્ટ કાર્ડ આપવવામાં આવે છે. આ રિપોર્ટ કાર્ડમાં વિદ્યાર્થીઓને તુરંત અભ્યાસ કરી શકાય તે માટે ઈ-લર્નિંગ કન્ટેન્ટની લિન્ક, તેમનો હેલ્થને લગતો બેસિક ડેટા વગરે પણ આપવામાં આવે છે. છેલ્લા 5 વર્ષમાં આશરે **55 કરોડ જેટલા રિપોર્ટ કાર્ડ તૈયાર કરીને વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા** છે.
- આ રિપોર્ટ કાર્ડ આધારિત સતત ઉપચારાત્મક કાર્યના પરિણામે **છેલ્લા 5 વર્ષમાં આશરે 80% લર્નિંગ આઉટકમમા લગભગ 8% સુધીનો સુધારો** જોવા મળ્યો છે.
- રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં અમલમાં મૂકવામાં આવેલી તમામ યોજનાઓ જેવી કે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ, નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સેતુ યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના, જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ, NMMS પરીક્ષા માટે સપોર્ટ, વિદ્યાર્થીઓ માટે ઓન લાઇન લર્નિંગ કન્ટેન્ટ તૈયાર કરી પ્રસારિત કરવું, જ્ઞાન સહાયક ભરતી માટેનું પોર્ટલ તૈયાર કરવું વગેરે જેવી અનેક કામગીરી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવે છે.
- અત્યંત ટૂંકા સમયમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આ યોજનાઓ માટે આશરે 15 લાખ બાળકોનો ડેટા મેળવી, તેને વેરીફાય કરી સ્કોલરશીપની રકમ ચૂકવવાની કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવી રહેલ છે.
- આમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીઓને યોજનાઓનો લાભ આપવામાં પણ ખૂબ અગત્યની કામગીરી કરે છે.